# કમ્પ્યૂટર પ્રોફિસીયન્સી પરીક્ષા આપવા અંગેની સૂચના - ૧

ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળ દ્વારા જાહેરાત નં. ૧૫૨ /૨૦૧૮૧૯ થી ૧૬૬/૨૦૧૮૧૯ અને જાહેરાત નં. ૨૦૫ /૨૦૨૨૨૩ થી ૨૧૧/૨૦૨૨૨૩ માં દર્શાવેલા નિયમ મુજબ પેજ નં. ૨૫(ડ) મુજબ નીચે મુજબ બીજી તબક્કાની કમ્પ્યૂટર પ્રોફિસીયન્સી પરીક્ષામાં ઉમેદવારની યાદી તૈયાર કરવાની રહેશે.

કમ્પ્યૂટર પ્રોફિસીયન્સી પરીક્ષામાં ઉમેદવારોને ક્વોલીફાય થયેલ ગણવા માટેના લઘુત્તમ લાયકી ગુણનું ધોરણ સરકારશ્રીની સ્થાયી સૂચનાઓ અનુસાર મંડળ દ્વારા જે તે સમયે નિયત કરવામાં આવશે. પરંતુ તેમાં કોઈપણ કેટેગરીના ઉમેદવારો માટે ૪૦ ટકા માર્કસ કરતાં ઓછું લઘુત્તમ લાયકી ગુણનું ધોરણ કોઈપણ સંજોગોમાં નક્કી કરી શકાશે નહીં અને આમ, મંડળ દ્વારા નિયત કરવામાં આવેલ લઘુત્તમ લાયકી ગુણની વિગતો અને ભરવાની થતી કેટેગરી વાઈઝ જ્યાની સંખ્યાને ધ્યાને લઈ કેટેગરી વાઈઝ ભરવાની થતી જ્યાના ત્રણ ગણા ઉમેદવારોને બીજા તબક્કાની કમ્પ્યૂટર પ્રોફિસીયન્સી પરીક્ષા માટે મંડળ દ્વારા લાયક (ક્વોલીફાય કરવા) ગણવામાં આવશે અને તેવી રીતે લાયક ઠરેલ (ક્વોલીફાય થયેલ) ઉમેદવારોને જ બીજા તબક્કાની કમ્પ્યૂટર પ્રોફિસીયન્સી પરીક્ષા આપવાની રહેશે.

## કમ્પ્યૂટર પ્રોફિસીયન્સી પરીક્ષા (બીજા તબક્કાની પરીક્ષા)

પ્રથમ તબક્કાની સ્પર્ધાત્મક લેખિત પરીક્ષાના પરિણામને અંતે બીજા તબક્કાની કમ્પ્યૂટર પ્રોફિસીયન્સી પરીક્ષા માટે ક્વોલીફાય થયેલ ઉમેદવારોની કમ્પ્યૂટર પ્રોફિસીયન્સી પરીક્ષા લેવામાં આવશે જેની વિગતો નીચે મુજબની રહેશે.

જે સંવર્ગના ભરતી નિયમોમાં ઉમેદવારો માટેની શૈક્ષણિક લાયકાત સ્નાતક કે તેથી વધુ નિયત કરવામાં આવેલ હોય તેવા સંવર્ગના ઉમેદવારો માટેની કમ્પ્યૂટર પ્રોફિસીયન્સી પરીક્ષાનો અભ્યાસક્રમ નીચે મુજબનો રહેશે.

| સમય - ૧.૧૫ કલાક | | |
|---|---|---|
| પ્રશ્ન ક્રમાંક | વિષયનું વિવરણ | ગુણ |
| ૧ | એકસેલ સ્પ્રેડશીટ | ૧૫ |
| ૨ | ઈ-મેઈલ કરવા (વીથ એટેચમેન્ટ) | ૧૫ |
| ૩ | પાવર પોઈન્ટ | ૧૫ |
| ૪ | વર્ડ ટાઈપીંગ / વર્ડ ફોર્મેટીંગ (અંગ્રેજી તથા ગુજરાતી) | ૩૦ |
| | કુલ ગુણ | ૭૫ |